**GUJARAT INTRUX LIMITED**
STEEL AND ALLOY STEEL
CASTING MANUFACTURERS

GIL/SEC/AUG/003/2022-23

26th August, 2022

**To,**
**BOMBAY STOCK EXCHANGE LTD.**
25th FLOOR, P. J. TOWER
DALAL STREET,
MUMBAI-400 001.

**SUB.: PUBLICATION OF NOTICE AND INFORMATION REGARDING 30th ANNUAL GENERAL MEETING, E-VOTING, BOOK-CLOSURE AND RECORD DATE IN NEWSPAPER.**

**Dear Sir/Madam,**

Pursuant to Regulation 30 and Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements), Regulations, 2015, please find enclosed copy of notice published in ahmedabad edition newspapers i.e of The Economic times (English Language) and Navgujarat Samay (Gujarati Language) Dated 26th August, 2022 for the 30th Annual General Meeting to be held on Saturday, 24th September, 2022.

Kindly take the same in your record.

Thank you.

Yours sincerely,
For, **GUJARAT INTRUX LIMITED**

GUJARAT INTRUX LIMITED SHAPAR DIST. RAJKOT

**SAGAR RAJYAGURU**
Company Secretary & Compliance Officer

Encl.: As above

CIN No. L27100GJ1992PLC016917
REGD. OFFICE & WORKS :
Survey No. 84/P.
17 Km. Rajkot-Gondal Road,
Village Shapar. Pin-360 024.
RAJKOT (INDIA)

Phone : +91 - 2827 - 252851 / 52 / 53
Fax : +91 - 2827 - 252854
e-mail : info@intricastindia.com,
info@gujaratintrux.com
Website : www.intricastindia.com
www.gujaratintrux.com

ISO 9001 ISO 14001 ISO 45001

## કલોલી ,ગોકુળપુરા ,પથાપુરા ,રઢુ ,રસિકપુરા અને ધરોડામાં સાબરમતીનાં પાણી ઘુસી જતાં નુકસાની

# ખેડાની 2000 વિઘા જમીન પૂરથી તબાહ



તસ્વીર : પ્રજ્ઞેશ ભાવસાર

**નવગુજરાત સમય** > ખેડા

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે ધરોઇ ડેમમાંથી સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવતા ખેડા તાલુકાના ખેડા તાલુકાના કલોલી, ગોકુળપુરા, પથાપુરામાં રઢુ, રસિકપુરા અને ધરોડાના ખેતરોમાં દોઢથી અઢી ફૂટ જેટલા પાણી ભરાયા છે. આ પાણી ભરાતા અંદાજે બે હજાર ઉપરાંત વિઘામાં ડાંગરનો પાક નિષ્ફળ ગયો હોવાની ભિતી સેવાઈ રહી છે સાથે સાથે આ વિસ્તારમાં આવેલા પરાના ઘરોમાં બે થી અઢી ફૂટ જેટલુ પાણી ઘૂસી ગયુ છે.

ખેડા તાલુકાના નાનીમોટી કલોલી પથાપુરા રસિકપુરા નજીકથી પસાર થતી સાબરમતી નદીના નીરથી ગામના સીમાડાઓ બેટમાં ફેરવાયા છે. ખેડા તાલુકાના કલોલી, ગોકુળપુરા, પથાપુરામાં રઢુ, રસિકપુરા અને ધરોડામાં અંદાજિત 2 હજાર વીઘા જેટલી જમીનમાં આ પાણી ફરી વળતાં સ્થાનિક વહીવટી તંત્ર દોડતું થઈ ગયું છે. ખેતરમાં પણ પાણી ફરી વળ્યા છે. જેથી જાણે દરિયા જેવો માહોલ સર્જાયો છે. આ પાણી ફરી વળ્યા હોવાને કારણે ખેડૂતોની સ્થિતી ભારે કફોળી બની ગઈ છે.

### કલોલીથી પથાપુરાનો રસ્તો બંધ

સાબરમતી નદીના પાણી મુખ્ય રસ્તાઓ પર પણ ફરી વળ્યા છે. જેમાં કલોલીથી પથાપુરા જવાના માર્ગ પર પાણી ફરી વળતા આ માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. પાણીની આવક હજુ વધુ તો કેટલાક નિંચાણવાળા વિસ્તારના પરિવારોને ફરજિયાત પણ સ્થળાંતર કરવાની ફરજ પડી શકે તેવી સ્થિતી સર્જાઇ છે.

### 100થી વધુ મકાનોમાં પાણી ભરાયા

પથાપુરા, ગોકુળપુરાના નીચાણવાળા કાચા એવા 100 જેટલા મકાનમાં પાણી ભરાઇ ગયા છે. જેથી તેઓને સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. તેમજ આગામી સમયમાં પાણી જો વધુ છોડવામાં આવે તો તેઓને રાત્રિ રોકાણ માટે પણ સ્થળાંતર કરવામાં આવશે. તેવી તંત્રએ તૈયારી દર્શાવી છે.

## બનાસ નદીમાં નહાવા પડેલા ચાર યુવકો ડૂબી ગયા



તસવીર, નટવર ઠાકોર

**નવગુજરાત સમય** > ડીસા

ડીસા તાલુકાના જૂના ડીસા ગામ પાસે નદીમાં ન્હવા પડેલા ત્રણ મિત્રો ડૂબતાં ત્રણેય લોકોની શોધ ખોળ હાથ ધરી હતી. જોકે, વમળમાં ફસાયેલા ત્રણેય યુવકોનો મોડી સાંજ સુધી કોઈ પત્તો લાગ્યો નહોતો. એક જ સમાજના ત્રણ યુવકો ડૂબી જતાં જૂના ડીસા ગામમાં માતમ છવાયો હતો. જ્યારે અમીરગઢ પાસેથી વહેતી બનાસ નદીમાં નહાવા પડેલ બાળક ઊંડા પાણીમાં ડૂબી જતા તેનુ કરુણ મોત નીપજ્યું હતું.

ડીસા તાલુકાના જુનાડીસા ગામે રહેતા ત્રણ મિત્ર ઘાસુરા બદરેઆલમ અબ્બાસઆલમ, સુમરા ઈકબાલભાઈ અલ્લારખાભાઈ અને સુમરા ઇલિયાસભાઈ મહમદભાઈ તેમના પરિવાર સાથે બનાસનદીમાં આવેલું પાણી જોવા માટે ગયા હતા. જેમાં બે મિત્રો નદીમાં ન્હવા પડ્યા હતા. જોકે ન્હાવા પડેલા બે યુવકો પાણીના વમળમાં ફસાતાં ત્રીજો મિત્ર તેને બચાવવા માટે નદીમાં કૂદી પડ્યો હતો. પરંતુ 40 ફૂટ ઊંડા ખાડાના પાણીમાં ફસાઈ જતાં ત્રણેય મિત્રો પરિવારની નજર સમક્ષ ડૂબવા લાગ્યા હતા. ઘટનાને પગલે હતપ્રત બનેલા પરિવારે ત્રણેય યુવકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ જોત જોતામાં પરિવારોની નજર સામે જ ત્રણેય યુવકો ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં તંત્ર દ્વારા રાહત કામગીરી શરૂ કરી ત્રણેય યુવકોની શોધ ખોળ હાથ ધરી હતી. પરંતુ મોડી સાંજ સુધી એક પણ યુવક નો પતો લાગ્યો ન હતો.

ગુરુવારે અમીરગઢ પાસે બનાસ નદીમાં બાળક નહાવા પડ્યું હતું જે પાણીમાં ઊંડે સુધી મોતને ભેટ્યો હતો. બાળક નદીમાં ડૂબવાના સમાચાર વાયુવેગે પ્રસરતા સ્થાનિક તરવૈયાઓ દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ મૃત બાળકને પાણીમાંથી બહાર કાઢ્યો હતો.

### નર્મદાના પૂરનો ખતરો ટળ્યો : ફૂરજામાં એકનું મોત

સરદાર સરોવર નર્મદા ડેમમાંથી નર્મદા નદીમાં સતત છોડવામાં આવી રહેલા પાણીના પગલે ભરૂચ, નર્મદા સહિત વડોદરાના નર્મદા નદીના કાંઠા વિસ્તારોમાં પુરની સ્થિતિનું સર્જન થયું છે. ભરૂચના ગોલ્ડન બ્રીજ ખાતે ભયજનક વટાવીને નદીની સપાટી ૨૮ ફૂટે પહોંચી ગઇ હતી. ફૂરજા વિસ્તારમાં એક વ્યક્તિ તણાઇ પણ ગયો હતો. પરંતુ ગૂરૂવારે મધ્યપ્રદેશમાં વરસાદનું જોમ ઓછું થતા સરદાર સરોવર ડેમમાંથી નદીમાં હવે બે લાખ ક્યુસેક જેટલું પાણી ઓછું છોડાઈ રહ્યું છે. જેના કારણે ભરૂચ ગોલ્ડનબ્રિજ ખાતે નદીની સપાટી બપોરે ૧૨ કલાકે ઘટીને ૨૭.૫૬ ફૂટ થઇ ગઇ હતી.

## અમદાવાદની યુવતીએ ભાવનગરના તબીબને હનીટ્રેપમાં ફસાવીને દોઢ કરોડની રકમ માગી

» તબીબ સાથેનો અંગતપળોનો વીડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી : પોલીસ ફરિયાદ બાદ બે આરોપીઓ હાથવેંતમાં

**નવગુજરાત સમય** > ભાવનગર

ભાવનગરના એક નામાંકીત તબીબ સાથે મિત્રતા કેળવી અમદાવાદની એક યુવતીએ હનીટ્રેપમાં ફસાવતા ચકચાર મચી છે. યુવતી અને તેના મળતિયાઓએ ડોકટર પાસે દોઢ કરોડ રૂપિયાની માગણી કરતા મામલો પોલીસ સમક્ષ પહોંચ્યો છે. ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. બે આરોપીઓ પોલીસના હાથવેંતમાં જ હોવાનું જાણવા મળ્યું છે.

ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનના સૂત્રોએ પ્રાથમિક માહિતી આપતા જણાવ્યું કે ભાવનગરના એક નામી તબીબને અમદાવાદમાં રહેતી એક યુવતીએ તેમની સાથે મિત્રતા કેળવી મોહજાળમાં ફસાવ્યા હતા અને તબીબ સાથેનો અંગતપળોનો વીડિયો ઉતારી તેને વાયરલ કરવાની ધમકી આપી તેની પાસે દોઢ કરોડ જેટલી મસમોટી રકમની માંગ કરી હતી. બનાવના પગલે ભારે ચકચાર મચી છે.

બનાવ અંગે તબીબે પોલીસનો સંપર્ક કરતા પોલીસે અલગ અલગ ત્રણ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. હની ટ્રેપ મામલે બે આરીપીઓ હાથવેંતમાં હોવાનું જાણવા મળ્યું છે. તબીબને હનીટ્રેપમાં ફસાવતા મુખ્ય સૂત્રધારને ઝડપી લેવા પોલીસે અલગ અલગ ત્રણ ટીમ બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હોવાનું જાણવા મળેલ છે જોકે હાલ પોલીસે ફરિયાદી અને આરોપીના નામ અંગે ગુપ્તતા જાળવી હતી.

**નામ પરિવર્તન**

મારૂ નામ વંદના ગિરધારી રધાની થી બદલીને નવુ નામ વંદના ગિરધારીલાલ રધાની કરેલ છે. E-1001, રિવરવેલી- 1, શુકુન એપાર્ટમેન્ટની પાછળ, હાંસોલ, અમદાવાદ.

મારૂ નામ સત્યપાલ હરિશચંદર રધાનીથી બદલીને નવુ નામ સત્યપાલ હરિશચંદ્ર રધાની કરેલ છે. 6/1, કેજી પાર્ક સોસાયટી, સ્વસ્તીક સોસાયટીની બાજુમાં, ઇન્દીરાબ્રીજ હાંસોલ, અમદાવાદ.

મારૂ નામ મીના દિલીપ સીરવાની થી બદલીને નવુ નામ મીના દિલીપકુમાર સીરવાણી કરેલ છે. 119-A, સરદારનગર અમદાવાદ.

**ટૂંકી જાહેર નિવિદા નંબર-૦૧ સને ૨૦૨૨-૨૦૨૩**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ધંધુકા માર્ગ અને મકાન પેટા વિભાગ, બિરલા હાઈસ્કુલની સામે, સ્ટેશન રોડ, ધંધુકા (ફોન નં. ૦૭૯૨૯૯૯૧૫૮) ની કચેરી દ્વારા બિલ્ડીંગના ખાસ મરામતનું એક કામ કે જે કામની અંદાજીત કિંમત રૂ. ૩.૦૦ લાખ સુધીની થવા જાય છે તેના માટે ગુજરાત રાજ્યના બાંધકામ વિભાગના માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તાઃ ૦૨/૦૯/૨૦૨૨ તથા પરત લેવાની છેલ્લી તાઃ ૦૯/૦૯/૨૦૨૨ રાખવામાં આવી છે.

આ કામની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસબોર્ડ ઉપર મુકવામાં આવી છે. તેમજ વધુ માહિતી માટે ઉક્ત કચેરીના જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૧૦/૨૦૨૨

## ઉમરગામના દહાદમાં યુવકે વિદ્યાર્થિનીના ગળે તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી

» એક તરફી પ્રેમમાં પાગલ યુવકનું કૃત્ય

**નવગુજરાત સમય** > વલસાડ

વલસાડના ઉમરગામ તાલુકાના દહાદ ગામમાં આજે એક વિદ્યાર્થિનીની સરાજાહેર હત્યા નિપજાવાતા ચકચાર મચી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં એક તરફી પ્રેમમાં પાગલ યુવકે આ હત્યાનો અંજામ આપ્યો હોવાની વિગતો સામે આવી છે. મૃતક સગીરા મોટર સાયકલ પર ટ્યુશન ક્લાસ જઈ રહી હતી ત્યારે જ રસ્તામાં આંતરી યુવકે તીક્ષણ હથિયારથી ગળા પર ઘા મારી હત્યા નિપજાવી હોવાની વિગતો સામે આવી છે. પોલીસે હત્યા નિપજાવી ફરાર થઈ ગયેલા આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.



વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં રહેતી 17 વર્ષીય વિદ્યાર્થિની તેની શાળામાં અભ્યાસ કરતી બહેનપણીના ઘરે સ્કૂલની બુક લેવા ગઈ હતી. બુક લઈને પરત ફરી રહી હતી તે દરમ્યાન વિદ્યાર્થિની પાસે પંકજ પાસવાન અને તેના બે મિત્રો પહોંચી ગયા હતા અને ઝઘડો કરવા લાગ્યો હતો. પંકજે ઉશ્કેરાઈને વિદ્યાર્થિની પર તીક્ષણ હથિયાર વડે હુમલો કર્યો હતો. બુમાબુમ થતા સ્થાનિક લોકો અને રાહદારીઓ દોડી આવ્યા હતા. અને પંકજને પકડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પંકજ મોપેડ લઈને ભાગી છૂટ્યો હતો. સ્થાનિક લોકોએ ઘટના અંગે ઉમરગામ પોલીસને જાણ કરી હતી. ઉમરગામ પોલીસે ઘટના સ્થળે પહોંચી તાલુકામાં નાકાબંધી કરી હત્યા કરી ભાગી ગયેલ પંકજને ઝડપી પાડવા પ્રયાસો હાથ ધાર્યા છે.

ધોળે દિવસે સગીર વિદ્યાર્થિનીની હત્યાના પગલે ગ્રામ્ય વિસ્તારમાં ખળભળાટ મચ્યો છે. હત્યા નિપજાવનાર યુવક તેના અન્ય બે મિત્રો સાથે મોટર સાયકલ પર આવ્યો હોવાની વિગતો સામે આવી છે. પોલીસે આ વિસ્તારના સીસીટીવીની તપાસ કરી નાશી છૂટેલા આરોપીને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

એકતરફી પ્રેમમાં પાગલ યુવકે વિદ્યાર્થિનીની હત્યા નિપજાવ્યાની સગીરાના પરિવારને જાણ થતા ઘટનાસ્થળ પર દોડી આવ્યા હતા. પરિવારજનોના આક્રંદના કારણે વાતાવરણ ગમગીન બન્યું હતું.

## ઝઘડિયાના ખરચી ગામે 80 વર્ષનાં વૃદ્ધાને ગોંધી રાખી લૂંટ

**નવગુજરાત સમય** > રાજપારડી

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકા ખરચી ગામે એકલતાનો લાભ લઇને વૃદ્ધાને ગોંધી રાખીને રૂપિયા ૧.૮૦ લાખની બંગડીઓ લૂંટી લીધી હોવાની ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી.

ભરૂચના ઝઘડિયા તાલુકાના ખરચી ગામે રહેતા ઉજમબેન ગણપતભાઈ પટેલ નામની ૮૦ વર્ષીય વૃદ્ધાનું ખેતર સરદારપુરા તરફ જવાના રોડ પર આવેલું છે, બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં એક માણસ તેમની પાસે આવ્યો હતો. તેણે ઉજમબેનને ધક્કો મારી રૂમનો દરવાજો અંદરથી બંધ કરીને હાથમાંની ચાર તોલાની બે બંગડીઓ રુ.૧૮૦૦૦૦ ની કિંમતની બળજબરીથી કાઢી લઇને મોટર સાયકલ લઈ ફરાર થઇ ગયો હતો.

**નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત**

PRL સામે, એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

**મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના (MYSY)**

શિક્ષણ વિભાગના વિવિધ ઠરાવ મુજબની પાત્રતા ધરાવનાર ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ અથવા ડીપ્લોમાની પરીક્ષા પાસ કરી ડીગ્રી અભ્યાસક્રમના (ડી ટુ ડી) માં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓએ http://msv.guj.nic.in પર ઓનલાઈન ફ્રેશ અરજી કરવાની રહેશે તથા વર્ષ ૨૦૧૮-૧૯, વર્ષ ૨૦૧૯-૨૦, વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ માં સહાય મેળવનાર વિદ્યાર્થીઓએ બીજા / ત્રીજા / ચોથા / પાંચમા વર્ષની સહાય મેળવવા માટે ઓનલાઈન રિન્યુઅલ અરજી કરવાની રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ ૨૧/૧૨/૨૦૨૨ છે. આ યોજના અંગેની વધુ વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૧૩/૨૦૨૨

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**બગીચા ખાતુ**
**શોર્ટ ટેન્ડર નોટીસ નં.૧૬/૨૦૨૨-૨૩**
**ઈ-ટેન્ડર નોટીસ નં.૧૭/૨૦૨૨-૨૩**

Azadi Ka Amrit Mahotsav

(૧) બગીચા ખાતાનાં જુદા જુદા કામોનાં શોર્ટ ટેન્ડર નોટીસ નં. ૧૬/૨૦૨૨-૨૩ (ઓફલાઇન) ટેન્ડરો અ.મ્યુ.કોર્પો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ભરેલ ટેન્ડરો તારીખ 13-09-2022 નાં રોજ 14.00 વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે તથા (૨) બગીચા ખાતામાં જુદા જુદા કામ માટે ઇ-ટેન્ડર નોટીસ નં. ૧૭/૨૦૨૨-૨૩ (ઓનલાઇન) થી ઇ-ટેન્ડરો મંગાવવામાં આવે છે. આવા કામનાં અનુભવી કોન્ટ્રાકટરોએ ઇ-ટેન્ડરની વિગતો www.ahmedabadcity.gov.in અને https.//amc.nprocure.com ઉપરથી મેળવી શકાશે. ભરેલ ઇ-ટેન્ડરો તારીખ 22/09/2022 નાં રોજ 14.00 વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

ડે.મ્યુનિસિપલ કમિશનર
(પાર્કસ એન્ડ ગાર્ડન)

**જાહેર નોટીસ**

અમો શૈલેષકુમાર ભાઈચંદદાસ પટેલ રહે.સી/૪૦૪, સમર્પણ રેસીડેન્સી, શીતલનાથ પ્રભુ સોસાયટી પાસે, નવા નરોડા, અમદાવાદ, ટેલી. ૯૮૯૮૮૨૧૧૦૭નાઓ આજ રોજ આ નોટીસ આપીએ છીએ કે,
જત ડિસ્ટ્રીકટ સબડીસ્ટ્રીક અમદાવાદ-૬ના સીટી તાલુકાના મોજે નરોડાની સીમમાં સર્વે નં.૫૮૪૨ હે.આરે. ચો.મી. ૦-૩૦-૩૩ જેનો ટીપી સ્કીમ નં.૨ અને ફા.પ્લોટ નં.૧૯ની ૧૯૦૬ ચો.મી.ની બિનખેતીની જમીન પર આવેલ સમર્પણ રેસીડેન્સીમાં આવેલ ફ્લેટ નં.સી-૪૦૪વાળી મિલકત, જે અમો શૈલેષકુમાર ભાઈચંદદાસ પટેલન માલિકી કબ્જા ભોગવટામાં આવેલ છે. સદર મકાન અમોએ સદર સ્કીમના બિલ્ડરો પાસેથી વેચાણ અવેજ આપીને પાકા રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.૨૩૦૯/૧૧થી ખરીદેલ. સદરહુ પાકો ઓરીજનલ દસ્તાવેજ અમો શૈલેષકુમારનાઓથી કયાંક ખોવાઈ ગયેલ છે. જે મળી આવતો નથી. સદરહુ મકાન મારે વેચાણ આપવાનુ હોય સદરહુ મિલકતમાં અમો શૈલેષકુમાર ભાઈચંદદાસ પટેલનાઓ સિવાય અન્ય કોઈનો કોઈપણ લાગભાગ, હક્ક, હિસ્સો નથી. આથી સદર મિલકત પરત્વે કોઈપણ વ્યકિતએ વેચાણ, ગીરો, બક્ષિસ કે ભાડા કે સદર મિલકતમાં નામ ટ્રાન્સફર માટે અમો શૈલેષકુમાર સિવાય અન્ય કોઇ વ્યકિત સાથે કોઈપણ લેવડદેવડ કરવી નહી. અને જો તેમ કરશો તો તેની જવાબદારી અમારી રહેશે નહી. જેની નોંધ લેશો.
તા.૨૫-૦૮-૨૦૨૨
અમદાવાદ

અમારી મારફતે
આશિષ એસ. વ્યાસ
એડવોકેટ
એ-૨૦, દિપીકા ટાવર,
એ.એમ.ટી.એસ. બસ સ્ટેશન સામે,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦
મો. ૯૯૭૪૩૧૬૧૩૪

## વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેન નીચે પડતું મૂકી આધેડે કર્યો આપઘાત

**નવગુજરાત સમય** > વડોદરા

વડોદરા રેલવે સ્ટેશન પર શતાબ્દી ટ્રેનની નીચે પડતું મૂકીને એક આધેડે આપઘાત કર્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.

અમદાવાદ થી મુંબઇ તરફ જતી શતાબ્દી ટ્રેન વડોદરા રેલવે સ્ટેશન ના એક નમ્બર ના પ્લેટફોર્મ પર આવી રહી હતી . દરમિયાન પ્લેટફોર્મ નંબર એક પરના આર પી એફ પોલીસ મથક પાસેના બાંકડા પર બેસેલા એક અજાણ્યો આધેડે ટ્રેન આવતાની સાથે જ ટ્રેન નીચે પડતું મૂકી ને આપઘાત કરી લીધો હતો. પોલીસે મૃતદેહની તલાશી લેતા પ્લેટફોર્મ ટીકીટ અને ૮૦ રૂપિયા રોકડ મળી આવ્યા હતા .

## એક જ વર્ષમાં ભારતની ડિજિટલ ઈકોનોમી એક ટ્રિલિયન ડોલરને આંબી જશે: રાજીવ ચન્દ્રશેખર

» કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સૂચના પ્રાદ્યોગિકી રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં ભરૂચ ખાતે "યુવા ભારત માટે નવું ભારત" કાર્યક્રમ યોજાયો

**નવગુજરાત સમય** > ભરૂચ




ભરૂચ ખાતે ઓમકારનાથ ઠાકુર હોલમાં "યુવા ભારત માટે નવું ભારત" કાર્યક્મમાં ઉપસ્થિત કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સૂચના પ્રાદ્યોગિકી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રેશખરે જણાવ્યું છે કે, આગામી એક જ વર્ષમાં ભારતની ડિઝીટલ ઈકોનોમી એક ટ્રિલિયન ડોલરને આંબી જશે અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પ એવા ભારતને પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવાના સંકલ્પમાં ડિઝીટલ ઈકોનોમીનો હિસ્સો ૨૫ ટકા જેટલો હશે. આગામી ત્રણ વર્ષના સમયમાં આ ડિઝીટલ ઈકોનોમીમાં સૌથી વધુ યુવાનોને નોકરી મળશે, તેવું પણ આકલન કરવામાં આવી રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં વિવિધ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ શરૂ કરવાની વિપુલ તકો રહેલી છે. સેમિ કન્ડક્ટર, સ્પેસ, મટિરિયલ્સ, ડ્રોન, એઆઇ, રિન્યુએબલ એનર્જી અને ઇલેક્ટ્રોનિક્સ કેટેગરીમાં સ્ટાર્ટઅપની વ્યાપક તકો રહેલી છે. દેશ પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગવી દીર્ઘદ્રષ્ટિથી સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં મજબૂતાઈથી આગળ વધી રહ્યો છે. છેલ્લા બે વર્ષ દરમિયાન દેશમાં એક સો યુનિકોર્ન એવો છે કે, જેમની વેલ્યુ રૂ. ૮૦ હજાર કરોડ જેટલી થવા જાય છે. આ બાબત જ દર્શાવે છે કે, ભારત સ્ટાર્ટઅપ થકી અર્થતંત્રમાં ઉભરી રહ્યું છે.

## સાણંદના કુંવારગામના યુવકના શંકાસ્પદ મોત કેસમાં અંતે હત્યાનો ગુનો નોંધાયો

**નવગુજરાત સમય** > સાણંદ

સાણંદ તાલુકાના કુંવાર ગામે એક મહિના પહેલા યુવકના મોત અંગેના પી.એમ. રિપોર્ટમાં યુવકના હાથે પગે માર મારીને ફેક્ચર કર્યા બાદ શ્વાસ રોકીને હત્યા કરાઇ હોવાનો અભિપ્રાય આવતા સાણંદ પોલીસે અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોંધીને હત્યારાની શોધખોળ હાથ ધરી છે.

સાણંદ તાલુકાના કુંવાર ગામે રહેતો રોહિત મનુજી ઠાકોર (ઉ.વર્ષ ૨૩) તેના ગામમાં જ પાણીના પ્લાન્ટમાં ડાઈવર તરીકે નોકરી કરતો હતો સાથે નાઈટ પાળીમાં સાણંદની જીઆઇડીસીની એક કંપનીમાં સિક્યોરિટી તરીકે પણ નોકરી કરતો હતો. ૧૮ જુલાઈના રોજ સવારે પાણીના પ્લાન્ટ પર નોકરી ગયેલો રોહિત સાંજ થવા છતાં ઘરે પરત ન આવતા તેના પરિવારજનોએ તપાસ શરૂ કરી હતી આ દરમિયાન મોડી રાત્રે શોધખોળના અંકે ગોકળપુરા ત્રણ રસ્તાથી કુંવાર જતા રોડની બાજુમાં ખાબોચિયામાંથી રોહીશની લાશ મળી આવી હતી. તેના નાક અને બંને કાનમાંથી લોહી નીકળતુ હતું તેમજ પગે ઈજા થયાના નિશાન જોવા મળ્યા હતા. પ્રાથમિક તબક્કે પોલીસે અકસ્માતથી મોતનો ગુનો નોંધ્યો હતો પરંતું પી.એમ. રિપોર્ટમાં રોહિતને હાથ તેમજ પગના ભાગે ફેક્ચર હોવાનો ડોક્ટરે અભિપ્રાય આપ્યો હતો તેમજ આ ફેક્ટર અકસ્માતથી નહી પરંતું માર મારવાથી તેમજ શ્વાસ રૂંધાઈ જવાથી રોહિતનું મોત થયાનો રિપોર્ટ આપ્યો હતો. આ રિપોર્ટના આધારે રોહિતના પિતા મનુજી મંગાજી ઠાકોરે સાણંદ પોલીસમાં પુત્રની હત્યાની ફરિયાદ નોંધાવતા પી.એસ.આઇ.જી.કે.ચાવડાએ હત્યારાને પકડવા શોધખોળ હાથ ધરી છે.

## ઊંઝાથી દક્ષિણ ભારત ગયેલી ટ્રાવેલ્સ બસને અકસ્માત : પ્રવાસીઓનો બચાવ

**નવગુજરાત સમય** > ઊંઝા

ઊંઝાના 40 પ્રવાસીઓ દક્ષિણ ભારતના પ્રવાસે દસ દિવસ અગાઉ બસ મારફતે નીકળ્યા હતા. જેઓની બસ તમિલનાડુના કોડાઈ કેનાલથી 30 કિમી દૂર બેંગ્લુરુ નજીક ખીણમાં ખાબકતા રહી ગઈ હતી જોકે સદનસીબે કોઈ જાન હાનિ થઈ નહોતી.

ઊંઝા શહેરમાં આવેલી બાળોજ નગર સોસાયટીના 36 સિનિયર સિટીઝનો 16 ઓગસ્ટના રોજ દક્ષિણ ભારતના પ્રવાસે નીકળ્યા હતા. તમિલનાડુના કોડાઈ કેનાલથી 30 કિમી દૂર મુસાફરો લઘુશંકા કરવા ઉતર્યા હતા. આ સમયે ડ્રાઈવર હેન્ડ બ્રેક લગાવી નીચે ઉતર્યો હતો. જોકે પહાડીમાંથી બસ ઉતરવાથી બસની એરબ્રેકમાંથી એર નીકળી જતાં બસ રોડ ઉપરના બેરીકેડ તોડીને ખાઈ તરફ ધકેલાઈ હતી. જેમાં કેટલાક મુસાફરો હતા તેમને બસની પાછળનો કાચ તોડી બહાર કઢાયા હતા. સદનસીબે બધા જ પ્રવસીઓનો આબાદ બચાવ થવા પામ્યો હતો .

**જાહેર નોટીસ / જાહેર ચેતવણી**

અમારા અસીલ દિલીપ એસ પટેલ રહેવાસીઃ- એચ-૪૦૪, સુદર્શન એલીગંસ, સોલા, અમદાવાદ નાની સુચનાથી આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાહેર કરી જણાવીએ છીએ કે,

અમારા અસીલના બે પુત્રો નામે (૧) જીનીત ડી પટેલ તથા (૨) સપન ડી પટેલ ના નામે પોલીસ કેસો થયેલ તેમજ દેવુ થઈ ગયેલ હોવાથી બન્ને પુત્રો છેલ્લા ઘણા સમયથી અમારા અસીલ ને કશુ જાણ કર્યા વગર ઘર છોડીને ક્યાંક ચાલ્યા ગયેલ છે. સદર બન્ને પુત્રો અમારા અસીલના કહ્યામાં રહેલ નથી જેથી બન્ને પુત્રો સાથે કોઈ વ્યવહાર કરેલ હોય તેની અમારા અસીલને કોઈજાતની માહીતી નથી, માટે અમારા અસીલના ઘરે કોઈપણ જાતની ઉઘરાણી કરવી કરાવવી નહી કે તેમને ત્રામ આપવો નહી આમછતા જો તેમ કરવામાં આવશે તો અમારા અસીલ જે તે ઈસમ સામે કાયદેસરની કાર્યવાહી કરશે જે આ નોટીસ થી જાહેર કરીએ છીએ.

**મારી મારફતે**
**રાજેશ વિ. કાપકર (એડવોકેટ)**
૨૦-ભુલાભાઈ પાર્ક સોસાયટી,
નવયુગ કોલોનીની સામે,
ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા,
ગીતા મંદીર રોડ,
અમદાવાદ-૩૮૦૦૨૨.

**ગુજરાત ઈન્ટ્રક્ષ લિમિટેડ**

CIN : L27100GJ1992PLC016917

રજી.ઓફિસ :- સર્વે નં. ૮૪/પૈકી,૧૭ કિ.મી. રાજકોટ-ગોંડલ રોડ, શાપર, તા. કોટડા સાંગાણી, જી. રાજકોટ, પીન નં. ૩૬૦ ૦૨૪, ગુજરાત (ભારત)
ફોનઃ ૦૨૮૨૭-૨૫૨૮૫૧ Website: www.gujaratintrux.com

**૩૦મી વાર્ષિક સામાન્ય સભાની સુચના, ઈ-વોટિંગ અને બૂક ક્લોઝરની માહિતી**

**આથી સૂચના આપવામાં આવે છે કેઃ**

૧. ગુજરાત ઇન્ટ્રક્ષ લિમિટેડ ની ૩૦મી (ત્રીસમી) વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ની નોટીસ તા.૨૮/૦૭/૨૦૨૨ માં દર્શાવેલ કામકાજ કરવા માટે શનિવાર, તા.૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસના સરનામેઃ સર્વે નંબર ૮૪/પૈકી, ૧૭ કિલોમીટર રાજકોટ-ગોંડલ રોડ, ગામઃ શાપર તાલુકાઃ કોટડા સાંગાણી જીલ્લોઃ રાજકોટ પિન કોડઃ ૩૬૦૦૨૪ (ગુજરાત) (ભારત) ખાતે યોજવામાં આવશે.

૨. મિનિસ્ટરી ઓફ કંપની અફેર્સ ના સરક્યુલર મુજબ તા.૦૫/૦૫/૨૦૨૨; તા. ૦૮/૦૪/૨૦૨૦; તા.૧૩/૦૪/૨૦૨૦ અને અન્ય સરક્યુલર અનુસાર (સંયુક્ત રીતે હવે પછી એમસીએ સરક્યુલર તરીકે દર્શાવશે.) અને સેબી સરક્યુલર નંબર SEBI/HO/CFD/CM D2/CIR/P/2022/62 તા.૧૩/૦૫/૨૦૨૨ અન્વયે કંપનીએ તારીખ ૨૩/૦૮/૨૦૨૨ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના વાર્ષિક અહેવાલ અને ૩૦મી એજીએમ ની નોટીસ તા.૧૯/૦૮/૨૦૨૨, શુક્રવારના રોજ જેમના ઈ-મેઈલ આઈડી કંપની / ડિપોઝીટરી પાર્ટીસીપેન્ટ /શેર ટ્રાન્સફર એજન્ટ પાસે નોંધાયેલ છે તેવા બધા શેરધારકોને મોકલી આપી છે.

૩. નાણાકિય વર્ષ ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તથા ૩૦મી એજીએમ ની નોટીસ કંપનીની વેબસાઇટ એટલે કે www.gujaratintrux.com > Investors' page > Shareholders information tab પર પણ ઉપલબ્ધ છે અને સ્ટોક એક્સચેન્જ BSE India Limited ની વેબસાઇટ www.bseindia.com ઉપર પણ અપલોડ કરાઇ છે.

૪. કંપનીસ એક્ટ ૨૦૧૩ ના સેક્શન ૧૦૮ અને નિયમ ૨૦, કંપનીસ (મેનેજમેન્ટ એન્ડ એડમિનીસ્ટ્રેશન) નિયમ, ૨૦૧૪ (સુધારા મુજબ) અને સેબી (LODR) રેગ્યુલેશનસ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ મુજબ કંપનીના શેરધારકો કે જેઓ તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ ની કટ-ઓફ તારીખે શેર ધરાવતા સભ્યોને તેમનો મત લિન્ક ઇનટાઇમ ઈન્ડીયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા પુરી પાડવામાં આવેલ ઇલેક્ટ્રોનિક મતદાન પ્રણાલીથી મત આપવાની સુવિધા પુરી પાડશે. એજીએમ ની નોટીસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર એજીએમના સ્થળ સિવાયના કોઇ પણ સ્થળેથી (દુરસ્થ ઈ-વોટીંગ) ઈ-વોટીંગ કરવાની સુવિધા અપાશે. વોટીગનો હક્ક તા.૧૭/૦૯/૨૦૨૨, શનિવાર (કટ-ઓફ તારીખ) ના રોજ જેટલા શેર ધારણ કરેલા હશે તે મુજબ કંપનીની કુલ પેઇડ અપ કેપિટલના પ્રમાણમાં રહેશે.

૫. બધા જ સભાસદોને સુચિત કરવાનું કેઃ
(I) એજીએમ ની નોટીસમાં દર્શાવેલ સાધારણ કામકાજ ઇલેક્ટ્રોનિક ઉપકરણો દ્વારા કરી શકાશે.
(II) દુરસ્થ ઈ-વોટીંગ તા.૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે (ભા. સ્ટા. ટા.) શરૂ થશે.
(III) દુરસ્થ ઈ-વોટીંગ તા.૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજના ૫:૦૦ કલાકે (ભા. સ્ટા. ટા.) પુર્ણ થશે.
(IV) ઇલેક્ટ્રોનિક રીતે અથવા એજીએમના સ્થળે મતદાન આપવાની લાયકાત નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ છે.
(V) એજીએમની નોટીસ રવાનગી પછી શેર્સ પ્રાપ્ત કરનાર અને કંપનીના સભ્ય બનવાના તથા કટ-ઓફ તારીખ એટલે કે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ શેર ધારણ કરનાર વ્યક્તિ પોતાનો યુઝર આઇડી અને પાસવર્ડ લિન્ક ઈનટાઇમ ઈન્ડીયા પ્રાઇવેટ લિમીટેડ ઈ-મેઈલ આઇડી enotices@linkintime.co.in અથવા શ્રી રાજીવ રંજન સંપર્ક નં ૦૨૨-૪૯૧૮૬૦૦૦ ને વિનંતી મોકલી શકાશે.
(VI) સભ્યોને નોંધ લેવી કેઃ (અ) દુરસ્થ ઇ-વોટીંગ મોડ્યુલ ઉપરોક્ત તારીખે અને સમય બાદ વોટીંગ માટે લિન્ક ઈનટાઇમ ઈન્ડીયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા બંધ કરશે અને સભ્ય દ્વારા દુરસ્થ ઇ-વોટીંગ મારફત કોઇ ઠરાવ પર મત આપ્યા પછી તેને તેમાં ફેરફાર કરવાની છૂટ મળશે નહી. (બ) મતપત્ર દ્વારા વોટીંગની સુવિધા ફક્ત એજીએમના સ્થળે ઉપલબ્ધ હશે; (ક) એજીએમ અગાઉ દુરસ્થ ઇ-વોટીંગ દ્વારા મત આપ્યો હોય તેવા સભ્યો એજીએમમાં હાજર રહી શકશે પણ ફરીથી મત આપવા હક્કદાર રહેશે નહી; અને (ડ) જે વ્યક્તિનું નામ સભ્યોના પત્રકમાં નોંધાયેલ હશે અથવા કટ-ઓફ તારીખે ડીપોઝીટરી દ્વારા લાભાર્થી માલિકોના રજીસ્ટરમાં નોંધાયેલ હોય તેઓ જ રિમોટ ઈ-વોટીંગ (દુરસ્થ વોટીંગ) સુવિધા તેમજ મતપત્ર દ્વારા એજીએમ વખતે મતદાન સુવિધા મેળવવા હક્કદાર ગણાશે.
(VII) દુરસ્થ ઇ-વોટીંગ વિશેની કોઇપણ સમસ્યા માટે એજીએમની નોટીસમાં આપેલી દુરસ્થ ઇ-વોટીંગ સુચના મુજબ કરવું. વ્યક્તિગત કે સંસ્થાકિય શેર ધારકો કે જેઓ ફિઝીકલ શેર કે ડિમેટ શેર ધરાવે છ અને તેમને લોગિન થવા માં કોઇ ટેકનિકલ મુશ્કેલી આવે તો સહાયકેન્દ્ર નો નીચે મુજબ સંપર્ક કરવો :

| લોગિન નો પ્રકાર | સહાયકેન્દ્ર ની વિગત |
|---|---|
| વ્યક્તિગત શેર ધારકો કે જેઓ NSDL માં ડિમેટ શેર ધરાવે છે | શેર ધારકો જેમને લોગિન થવામાં કોઇ ટેકનિકલ મુશ્કેલી આવે તો NSDL સહાયકેન્દ્ર ને સંપર્ક કરવો ઈમેઈલ evoting@nsdl.co.in અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૦૨૦૯૯૦ |
| વ્યક્તિગત શેર ધારકો કે જેઓ CDSL માં ડિમેટ શેર ધરાવે છે | શેર ધારકો જેમને લોગિન થવામાં કોઇ ટેકનિકલ મુશ્કેલી આવે તો CDSL સહાયકેન્દ્ર ને સંપર્ક કરવો ઈમેઈલ evoting@cdslindia.com અથવા ફોન : ૦૨૨-૨૩૦૫૮૭૩૮/૨૩૦૫૮૫૪૨-૩ |
| વ્યક્તિગત કે સંસ્થાકીય શેર ધારકો કે જેઓ ફિઝીકલ શેર ધરાવે છે | શેર ધારકો જેમને લોગિન થવામાં કોઇ ટેકનિકલ મુશ્કેલી આવે તો સંપર્ક કરવો ઈમેઈલ enotices@linkintime.co.in અથવા ફોન : ૦૨૨-૪૯૧૮૬૦૦૦ |

(૬) સેબીના નિયમન ૪૨ (સુચિબદ્ધ જવાબદારીઓ અને જાહેરાતની આવશ્યકતાઓ) રેગ્યુલેશન, ૨૦૧૫, અને કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ અને તેના હેઠળ લાગુ પડતા નિયમને અનુસરીને કંપનીનું સભાસદ પત્રક અને શેર ટ્રાન્સફર બુક રવિવાર ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૨ થી શનિવાર ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ (બન્ને દિવસો સહિત) બંધ રહેશે. શેરધારકોના ડિવિડન્ડ મેળવવાનો હક્ક નક્કી કરવા માટે કટ-ઓફ તારીખ શનિવાર તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ ગણાશે જો મિટિંગમાં મંજુર થશે.

સ્થળ : શાપર (જી.રાજકોટ)
તારીખ : ૨૫ ઓગસ્ટ, ૨૦૨૨

બોર્ડ ઓફ ડાયરેકટર્સના આદેશથી
ગુજરાત ઇન્ટ્રક્ષ લિમિટેડ વતી,
સાગર રાજ્યગુરૂ
કંપની સેક્રેટરી